સમર્પણ પુબ્લિક સ્કૂલ સેકટર-૨૮ ખાતે તારીખ ૦૮મી જાન્યુઆરી, ૨૦૨૦ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમ માં શાળા ના આચાર્યા શ્રીમતી નિધિ શર્મા દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી માર્ગદર્શન તેમજ શુભેછા પાઠવવામાં આવી હતી. ધોરણ ૮,૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ જાતે બનાવેલ શુભેછા કાર્ડ આપીને કેક કાપીને મીઠું મો કરાવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રમત રમ્યા હતા તેમજ વિદ્યાર્થીઓ એ પોતાના અનુભવો રજુ કર્યા હતા. આમ ખુશીના માહોલ સાથે હકારાત્મક વલણ અપનાવી સૌ છુટા પડ્યા હતા.

કડી સર્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન દ્વારા 'ટગ ઑફ વૉર'(રસ્સા ખેંચ)ની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર,તા. ૧૧

કડી સર્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન દ્વારા યોજાયેલ 'ટગ ઑફ વૉર' (રસ્સાખેંચ)ની યુનિ.ની ઈન્ટર કૉલેજ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ - ૧૪ ટીમોએ ભાગ લીધો હતો. તેમાં અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજની ટીમ અને એમ.પી.સી.સી. કૉલેજ કડી વચ્ચે ફાઈનલ યોજાઈ હતી. તેમાં અશ્વિનભાઈ પટેલ કોમર્સ કૉલેજની ટીમ ચેમ્પિયન બની હતી. એમ.પી.સી.સી. કડી રનર્સ અપ બની હતી.

આ સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન કડી યુનિ.ના ફીઝીકલ એજ્યુકેશન ડાયરેકટર ડૉ. રણછોડભાઈ રથવી તથા પ્રો. નૌરીન વૈપન્ના, પ્રો. હરીશ વનાર, હર્ષદ ચૌધરી, હર્ષ પટેલે કર્યું હતું. વિજેતા ટીમને યુનિવર્સિટીના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેકટર ડૉ. રણછોડ રથવી એ અભિનંદન આપ્યા હતા.

જન્મદિને વધામણી

દક્ષા જાદવ
મો. ૯૮૭૯૦ ૫૭૯૭૮

ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧

હંસાબેન ડી પરમાર
મો. ૯૪૨૬૫ ૮૨૬૪૭

નીતાબેન જયેન્દ્રભાઈ સોની

નીરવી રવી પટેલ
મો.૮૨૦૦૯ ૦૯૦૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ માં પ્રિ-પ્રાઈમરી તેમજ ધોરણ ૧ થી ૩ માં 'દાદા - દાદી, નાના - નાની' દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં બાળકોએ દાદા - દાદી અને નાના - નાની માટે ડાન્સ, વાર્તા, તેમજ મત અને તેમના વિચારો સુંદર રીતે રજુ કર્યા હતા. દાદા - દાદી અને નાના - નાની નું પરીવારમાં કેટલું મહત્વ છે, તે પણ સમજાવામાં આવ્યું હતું.

આર.એન. લલીતકલા એકેડમી અને મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા કરાટે બ્લેક બેલ્ટ એવોર્ડ સેરેમની - ૨૦૨૦ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

કરાટે બ્લેક બેલ્ટ એવોર્ડ સેરેમની- ૨૦૨૦ કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવેલ. ત્યાર બાદ ભરતનાટયમની દિકરીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવેલ તથા ભારતીય સંસ્કૃતિ પંરપરા મુજબ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો એ વિદ્યાર્થીઓની આ સિધ્ધિને બિરદાવીને તેમના પ્રોત્સાહનમાં વધારો કર્યો હતો. ત્યારબાદ કરાટે કોચ રેન્સી સેલ્વા કુમાર દ્વારા વિવિધ મુદ્દાઓને આવરીલેતુ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. કરાટેના વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી તરકીબો રજુ કરી લોકોના દિલ જીતી લીધા હતા.

કરાટે બ્લેક બેલ્ટની ડીગ્રી મેળવનારાઓમાં સર્વે શ્રી (૧) વૈભવ રાવલ (૨) રિધ્ધિ મારુ (૩) યશરાજસિંહ ઝાલા (૪) રિષભ રાવલ (૫) પ્રાચી એન. ચંદ (૬) આસ્થા વ્યાસ (૭) બર્ષિતા એમ. સામંતા (૮) રૂપમ એમ. સામંતા આઠ વિદ્યાર્થીઓને બ્લેક બેલ્ટનો એર્વોડ રેન્સી સેલ્વાકુમાર દ્વારા અર્પણ કરવામાં આવેલ. ચીફ ગેસ્ટ ડો.રમેશચંદ્ર જે. વ્યાસ પૂર્વ કેમ્પસ ડાયરેકટર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને સી.એમ. પટેલ નર્સિગ એન્ડ ફિઝ્યોથેરાપી કોલેજ સે-૧૨ ગાંધીનગર. સ્પેશ્યલ ગેસ્ટ ડો. સી.જે.ચાવડા ધારા સભ્ય ગાંધીનગર ઉત્તર ઉપસ્થિત રહી સર્ટીફીકેટ તથા મોમેન્ટો અર્પણ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ આર.એન.લલિતકલા એકેડેમી અને મમતા સ્પોર્ટસ સેન્ટરના પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ અનિતાબેન વસીતા દ્વાર કરવામાં આવેલ જયારે કાર્યક્રમની આભાર વિધિ રેન્સીસેલ્વાકુમાર દ્વારા કરવામાં આવી હતી.

સેફ્રોની એન્જીનિયરીંગ કૉલેજમાં 'નેશનલ કોન્કલેવ ઓન ઈન્તારપ્રેનાર્શીપ, સ્ટાર્ટ અપ એન્ડ ઈન્નોવેશન'નું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ઝોનમાં આવેલ નામાંકિત એસ.પી.બી. પટેલ એન્જીનિયરીંગ કોલેજ (સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ) માં ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના ઉદ્દેશને વેગવંતો બનાવવા "નેશનલ કોન્કલેવ ઓન ઈન્તારપ્રેનાર્શીપ, સ્ટાર્ટ અપ એન્ડ ઈન્નોવેશન" પ્રોગ્રામનું તા. ૭/૨/૨૦૨૦ ના રોજ આયોજન થઈ ગયું.

આ કોન્કલેવ માં શ્રી સુનીલ પારેખ (એડવાઈઝર, ઝાયડસ ગ્રુપ), આનંદભાઈ ચોરડિયા (સુહાના સ્પાઈસીસ), જયંતીભાઈ પટેલ (ફાઉન્ડર, મેઘમની ગ્રુપ), શંકરભાઈ પટેલ (એક્ષ-પ્રેસિડેન્ટ, જી સીસીઆઈ), શૈલેશભાઈ પટવારી (એક્ષ-પ્રેસિડેન્ટ, જીસીસીઆઈ), મહેશભાઈ પટેલ (પ્રેસિડેન્ટ, અંકલેશ્વર એસોસીએશન), જેસલ મહેતા (ફાઉન્ડર, આવેનીર), સંદીપભાઈ પટેલ (ફાઉન્ડર, નેપ્રા), જયમીનભાઈ ભુમાની (ફાઉન્ડર, અપ્લેર્સ), આગમ મનીયાર (કો-ફાઉન્ડર,લિક્વિલોન્સ), પૂજા ખેમકાં (સીઈઓ , ટ્રેક નાઉ) જેવી નામાંકિત હસ્તીઓ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ કોન્કલેવમા ગુજરાતની જુદી જુદી એન્જીનિયરીંગ કોલેજના ૬૫૦ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ટુ વેલ્યુ સ્કૂલ ટુર્નામેન્ટ અન્ડર-૧૯માં હીરામણિ સ્કૂલ ચેમ્પિયન બની હતી. ટુ વેલ્યુ સ્કૂલ ટુર્નામેન્ટ અન્ડર-૧૯ (સીબીસી) વનડે ફાઈનલમાં હીરામણિ શાળા, સંત કબીર સ્કૂલને ૪૯ રનથી હરાવી વિજય બની હતી.

એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'વાર્ષિકોત્સવ' યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલનો ધમાકેદાર 'વાર્ષિકોત્સવ' શેઠશ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ (મુંબઈ) સંસ્કાર ભવન ખાતે યોજાઈ ગયો. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે 'નવરસ' થીમ ઉપર આધારિત કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી કરાવી હતી. શાળાના પ્રિન્સિપાલ જીજ્ઞા દર્પણ બુચે સૌને આવકાર આપી, શાળાની વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ અને પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. બાળકોએ ફેશન શો દ્વારા નવ રસનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, જે નવતર પ્રયોગને વાલીઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. આ ઉપરાંત, ભક્તિ રસ,હાસ્ય રસ, વાત્સલ્ય રસ, વીર રસ વગેરે નવેનવ રસ ઉપર બાળકોએ વિવિધ ડાંસ રજૂ કરી, ઉપસ્થિત સૌના મન મોહી લીધા હતા. સમગ્ર હોલ સંસ્થાના શિક્ષિકાઓ તથા નોન-ટીચિંગ સ્ટાફે શણગાર્યો હતો. વાલીઓએ પણ આ કાર્યક્રમમાં અંગત રસ લઈ પોતાનું યોગદાન આપ્યું હતું. સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી, સૌનો ઉત્સાહ વધાર્યો હતો.

'સ્ટડી ઇન ગુજરાત' અભિયાન અંતર્ગત

આફ્રિકામાં આગામી ૧૩ થી ૨૪ ફેબ્રુઆરી દરમ્યાન ભવ્ય રોડ શો યોજાશે

ગાંધીનગર,તા. ૧૧

દુબઈ અને કુવૈતમાં 'સ્ટડી ઇન ગુજરાત' રોડ શોને મળેલા ભવ્ય પ્રતિસાદ બાદ ગુજરાત સરકારનું પ્રતિનિધિમંડળ આગામી ૧૩ થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન આફ્રિકાના વિવિધ દેશો ખાતે રોડ શોનું આયોજન કરવામાં આવ્યુ છે. શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે તથા શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્માના નેતૃત્વ હેઠળ આ રોડ શો યોજાશે, જેમાં નોલેજ ઈકોનોમીના બેઈઝ પર શિક્ષણનો વ્યાપ વધારવાના પ્રયાસો કરાશે.

આફ્રિકા ખાતે યોજાનાર આ રોડ શોમાં રાજ્ય સરકારનુ આ પ્રતિનિધિ મંડળ કેન્યા, યુગાન્ડા, ઝિમ્બાબ્વે અને મોઝામ્બિકમાં આગામી તારીખ. ૧૩, ૧૭, ૨૦ અને ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમ્યાન યોજશે. જેમાં ગુજરાતની ૧૫ ખ્યાતનામ યુનિવર્સિટીઓના ૩૪ પ્રતિનિધિઓ ભાગ લેશે. જેમાં અમદાવાદ યુનિવર્સિટી, આર.કે યુનિવર્સિટી, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, પારુલ યુનિવર્સિટી, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, આઈઆઈટી-રેમ, ગુજરાત યુનિવર્સિટી, એમએસયુ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી અને સંકલચંદ પટેલ યુનિવર્સિટીનો સમાવેશ કરાયો છે. યુગાન્ડા અને મોઝામ્બિક માટે મુખ્ય ભાગીદાર મારવાડી યુનિવર્સિટી છે જ્યારે કેન્યા માટે ગુજરાત યુનિવર્સિટી અને ઝિમ્બાબ્વે માટે પારૂલ યુનિવર્સિટી મુખ્ય ભાગીદાર રહેશે.

આ રોડ શો દરમ્યાન ગુજરાતના સમૃદ્ધ શિક્ષણ ક્ષેત્રની વિવિધ તકો માટે અને યુનિવર્સિટીઓ અને કોલેજોના પ્રતિનિધિઓ તેમજ પ્રતિનિધિ મંડળો સાથે પરામર્શ પણ કરાવાશે.

'સ્ટડી ઇન ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત વિવિધ અભ્યાસક્રમો, અરજી પ્રક્રિયાઓ અને યુનિવર્સિટીઓ વિશે વધુ જાણવા તેમજ નોંધણી માટે ઉમેદવારો રાજ્ય સરકારની www.study.gujarat.gov.in વેબસાઈટની મુલાકાત લઈ વધુ માહિતી મેળવી શકશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતને ભારતના શિક્ષણ કેન્દ્ર તરીકે વિશ્વ ફલક પર ઓળખ સ્થાપિત કરવામાં સફળ રહ્યું છે. સ્ટેટ ઓફ ધ આર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યોગ્ય વાતાવરણ, અભ્યાસક્રમો આંતરરાષ્ટ્રીય ધોરણો અને ઈન્ડ્સ્ટ્રી એક્સ્પોઝર વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન મદદરૂપ સાબિત થશે. અત્રે નોંધનીય છે કે પ્રતિનિધિ મંડળ વિવિધ દેશોના શિક્ષણવિદો અને સરકારી અધિકારીઓ સાથે વાતચીત દ્વારા ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે ખરા અર્થમાં 'નોલેજ ઈકોનોમી' નો (જ્ઞાનનુ અર્થતંત્ર) સાર્થક કરવા માટે સફળ ભાગીદારી અને સહયોગનો માર્ગ મોકળો કરશે.

- નોલેજ ઈકોનોમીના બેઈઝ પર શિક્ષણનો વ્યાપ વધારવાના પ્રયાસો કરાશે
- રાજ્યની ૧૫ ખ્યાતનામ યુનિવર્સિટીઓના ૩૪ પ્રતિનિધિઓ રોડ શો - એક્ઝીબિશનમાં સહભાગી બનશે
- રસ ધરાવતા યુવાઓ સ્ટડી ઇન ગુજરાત વેબસાઇટ https://study.gujarat.gov.in/ પર નોંધણી કરી શકે છે

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટે રસ ધરાવતા ઉમેદવારોને રાજ્યના સમૃદ્ધ સંસાધનોથી માહિતગાર કરવામાં આવશે. આ ઉપરાંત રસ ધરાવતા ઉમેદવારોને માર્ગદર્શન માટે રાજ્યની નામાંકિત પ્રસ્થાપિત કરવા તેમજ વિદેશના વિદ્યાર્થીઓને રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ માટે આમંત્રિત કરવા સ્ટડી ઇન ગુજરાત પહેલની શરૂ કરવામાં આવી છે. છેલ્લા બે દાયકામાં, ગુજરાત દેશમાં અગ્રણી શૈક્ષણિક કેન્દ્ર તરીકે

અભ્યાસક્રમો અને યુનિવર્સિટીઓ વિશે વધુ જાણવા માટે વિદ્યાર્થીઓ સ્ટડી ઇન ગુજરાત અભિયાનના સોશ્યલ મીડિયા હેન્ડલ્સથી પણ કનેક્ટ થઈ શકે છે, તેમ શિક્ષણ વિભાગ દ્વારા જણાવાયુ છે.